### ડ્રાઇવરોને ઓફિસમાં ઊંધા લટકાવી ઢોર માર મારી અમાનુષી અત્યાચાર ગુજાર્યો હતો

# કરજણ ધારાસભ્ય અક્ષય પટેલના પુત્ર સહિત ૫ આરોપીઓનો જામીન પર છુટકારો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27
લીઝ પર કામ કરતા ડ્રાઈવરોને ઓફિસમાં બંધક બનાવ્યા બાદ ઊંધા લટકાવી ધારાસભ્ય અક્ષય પટેલના પુત્ર શહીત પાંચ લોકોએ ઢોર માર માર્યો હતો. આદિવાસી સમાજ દ્વારા સામે અન્ય કલમો ઉમેરવાની માંગણી સાથે રજૂઆત પણ કરી હતી પરંતુ પોલીસે મેડિકલ સર્ટી ના આધારે આરોપીઓને નોટિસ ફટકારી હતી દરમિયાન પાંચ આરોપી હાજર થતા તેમના અટકાતી પગલાં લીધા બાદ તમામને જામીન પર છુટકારો થયો હતો. શિનોર તાલુકાના બકાપુરા ગામે બે આદિવાસી ટ્રક ડ્રાઈવરો સાથે થયેલા ઓફિસમાં બંધન બનાવ્યા બાદ ઊંધા લટકાવીને માર મારી



અમાનવીય અત્યાચારના આક્ષેપોને લઈને આદિવાસી સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. કરજણના ધારાસભ્ય અક્ષય પટેલના પુત્ર ઋષિ પટેલ તેમજ દેવેશ બાપુ, જાવેદ પઠાણ અને સાહિલ પઠાણ સહિત પાંચ લોકો સામે વલણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. નટવરભાઈ વસાવા અને ગિરીશભાઈ વસાવાને ઓફિસમાં બોલાવી બંધક બનાવી ઊંધા લટકાવી માર મારવામાં આવ્યો હોવાના ફોટા અને વીડિયો વાયરલ થતા મામલો ગરમાયો હતો. ત્રણ દિવસ સુધી ગુનો નોંધાયો નહીં હોવાના આક્ષેપ વચ્ચે ડીવાયએસપી પી.એમ. પટેલે તપાસ શરૂ કરી આરોપીઓને નોટિસ પાઠવી હતી. જોકે મેડિકલ સર્ટીમાં કોઈ ગંભીર પ્રકારની ઈજા જોવા મળી ન હતી. નોટિસ મળ્યા બાદ પાંચેય આરોપીઓ પોલીસ સ્ટેશનમાં હાજર થતા પોલીસે અટકાયતી પગલાં ભરી કાયદેસરની કાર્યવાહી બાદ તમામ આરોપીઓ જામીન પર મુક્ત થયા હતા. જેને લઈને નારાજગી પણ જોવા મળી રહી છે.

## વડોદરા કોર્પોરેશને નકામી જગ્યાને આકર્ષક 'ગ્રીન ઝોન અને સીટીંગ એરિયા' માં ફેરવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.27
વડોદરાને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવાના સંકલ્પ સાથે વડોદરા મહાનગરપાલિકાએ વધુ એક સરાહનીય પ્રગતિશીલ પગલું ભર્યું છે. શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા લાલબાગ બ્રિજ નીચે લાંબા સમયથી બિનઉપયોગી અને ઉપેક્ષિત પડેલી જગ્યાનો કાયાકલ્પ કરીને વહીવટી વોર્ડ નંબર 17 દ્વારા એક અનોખું બ્યુટીફિકેશન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ નકામી જગ્યાને હવે એક આકર્ષક બેઠક વ્યવસ્થા અને હરિયાળા ગ્રીન ઝોનમાં ફેરવી નાખવામાં આવી છે. આ સુંદર કામગીરી પહેલા લાલબાગ બ્રિજ નીચેનો આ ભાગ સ્થાનિક રહીશો, વેપારીઓ અને ત્યાંથી પસાર થતા રાહદારીઓ માટે ભારે માથાનો દુખાવો બન્યો હતો. જેના લીધે સ્થાનિક નાગરિકોના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થતું હતું અને લોકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી.

### રૂ.2.14 લાખનો મુદ્દામાલ કબજે કર્યો, આરોપી સામે 22 ગુનાઓ નોંધાયા

# રણોલીમા ઘરફોડ ચોરી કરનાર રીઢા ચોરને ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડયો

**આરોપી** સામે કુલ ૨૨ ગુનાઓ નોંધાયેલા હોવાનુ તપાસમાં બહાર આવ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.27
વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે રણોલી ગાયત્રી ટાઉનશીપ ખાતે બંધ મકાનમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી રીઢા આરોપી દિલદારસિંગ તુફાનસિંગ બાવરીને ઝડપ્યો છે. પોલીસે તેની પાસેથી સોનાચાંદીના દાગીનાં સહિત રૂ.2.14 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. વડોદરા શહેરમાં બનતા ઘરફોડ ચોરીના ગુનાઓ ડિટેક્ટ કરવા માટે વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચ સતત કાર્યવાહી કરી રહી હતી. દરમિયાન ક્રાઈમ




બ્રાન્ચને બાતમી મળી હતી કે રણોલી ગાયત્રી ટાઉનશીપ ખાતે થયેલી ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ દિલદારસિંગ બાવરી વારસિયા વિસ્તારમાં હાજર છે. પોલીસે દરોડો પાડી દિલદારસિંગ તુફાનસિંગ બાવરી (ચીખલીગર)ને ઝડપી પાડ્યો હતો. પુછપરછ દરમિયાન આરોપીએ પોતાના સાગરીતો સાથે મળીને તા.10 થી 12 મે દરમિયાન બંધ મકાનમાં ઘુસી રોકડ રૂ.40 હજાર તથા સોના-ચાંદીના દાગીનાની ચોરી કર્યાની કબૂલાત કરી હતી. આરોપીએ દાગીનાં ઓગાળી નવા ઘરેણાં બનાવવા આપ્યા હોવાનું પણ જણાવ્યું હતું. પોલીસે સોનાની લગડી, સોનાની રણી અને ચાંદીનો ચોરસો મળી રૂ.2.14 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી સામે વડોદરા, ગાંધીનગર અને પંચમહાલ જિલ્લામાં ઘરફોડ ચોરી, ચેઈન સ્નેચિંગ અને વાહન ચોરી સહિતના 22 ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

## વાઘોડિયા રોડ પર પરિવારની ઊંઘતો રહ્યો ને ઘરમાંથી રૂ.૯૨ હજારની ચોરી થઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.27
શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલ મધુપાર્ક સોસાયટીમાં રહેતા એક પરિવાર દરવાજો ખુલ્લો રાખી ઉંઘતો હતો. તે દરમિયાન ઘરમાંથી અજાણ્યા ચોર ઘુસ્યા હતા અને સોના-ચાંદીના દાગીના મળી રૂ.92 હજાર મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.
જેથી વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. વાઘોડિયા રોડ પર આવેલી મધુપાર્ક સોસાયટીમાં રહેતા અને ભંગાર લે-વેચ તથા ગણપતિજીની મૂર્તિ બનાવવાનું કામ કરતા અનિલભાઈ રમણભાઈ રાજપુત સહીત પરિવાર તા. ૩ મેની રાત્રે તેમના નાના દીકરા પૃથ્વીની તબિયત ખરાબ હોવાથી આખી રાત તેની સારવારમાં જાગતો રહ્યો હતો. વહેલી સવારે ગરમી લાગતા ઘરના દરવાજા ખુલ્લા રાખીને પરિવાર સૂઈ ગયો હતો. તેનો લાભ તસ્કરોએ ઉઠાવ્યો હતો.

### તળાવ કિનારે ગેરકાયદેસર બાંધકામનો કાટમાળ ઠાલવનારા તત્વો સામે VMC ની લાલઆંખ

# કરોડિયા વિસ્તારના બોરિયા તળાવ પાસે કન્સ્ટ્રક્શન વેસ્ટ ઠાલવતા ટ્રેક્ટરો ઝડપાયા

રૂ. 50,000 નો સ્થળ પર જ દંડ વસૂલાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.27
તા. 26-05-2016 ના રોજ પશ્ચિમ ઝોનના વોર્ડ નં. 8 માં આવેલા કરોડિયા વિસ્તારના બોરિયા તળાવની આસપાસ કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે કન્સ્ટ્રક્શન અને ડીમોલીશન વેસ્ટ ઠાલવવામાં આવી રહ્યો હોવાની આશંકા હતી. જેથી સેનીટેશન ટીમ દ્વારા આ વિસ્તારમાં ખાસ વોચ રાખવામાં આવી હતી. આ દરમિયાન સ્થળ પર ટ્રેક્ટરો દ્વારા ગેરકાયદેસર રીતે કાટમાળ ઠાલવતા ઈસમોને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા અને સ્થળ પર જ રૂ. 50,0પીપી/- નો મસમોટો દંડ ફટકારી તેની વસૂલાત કરવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકા



દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે બાંધકામના કાટમાળના યોગ્ય નિકાલ માટે તંત્ર દ્વારા ઝોનલ કલેક્શન સેન્ટર તેમજ રીસાયકલીંગ ફેસીલીટી જેવી જરૂરી વ્યવસ્થાઓ પહેલેથી જ ઊભી કરવામાં આવી છે. આ અંગે સમયાંતરે પ્રિન્ટ મીડિયા અને સોશિયલ મીડિયાના માધ્યમથી સત્તાવાર જાહેરાતો અને નોટિફિકેશન બહાર પાડીને નાગરિકોને સતત માહિતગાર પણ કરવામાં આવે છે. આ બધી સગવડો હોવા છતાં, કેટલાક બેજવાબદાર લોકો દ્વારા પવિત્ર વિશ્વામિત્રી નદીના કિનારે તેમજ શહેરના વિવિધ તળાવોના કિનારે ગેરકાયદેસર રીતે કાટમાળ ઠાલવવાની પ્રવૃત્તિઓ ચાલુ રાખવામાં આવી છે, જેને કોર્પોરેશન હવે બિલકુલ ચલાવી લેવાના મૂડમાં નથી. વોર્ડની સેનીટેશન ટીમો દ્વારા આવા વિસ્તારોમાં વખતોવખત આકસ્મિક ચકાસણી કરવામાં આવે છે અને પકડાયેલા કાટમાળને જપ્ત કરી રીસાયકલીંગ ફેસીલીટી ખાતે મોકલી દેવાય છે. વડોદરા મહાનગર પાલિકાએ માત્ર 4 મહિનામાં રૂ. 16 લાખથી વધુનો દંડ વસૂલાયો છે. ગેરકાયદેસર રીતે બાંધકામનો કાટમાળ ફેંકતા તત્વો સામે ઝુંબેશ ચલાવીને ચાલુ વર્ષે એટલે કે જાન્યુઆરી-2026 થી એપ્રિલ-2026 સુધીના ટૂંકા ગાળામાં જ કુલ રૂ. 16,22,50પી/- જેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી છે.

### ગરમીનો પારો ૪૦.૬ ડિગ્રીએ પહોંચ્યો

# આજે યલો એલર્ટ, ૨૯ મેથી ગરમીથી આંશિક રાહત મળશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.27
શહેરમાં ગરમી અને બફારાનો પ્રકોપ યથાવત છે. હવામાન વિભાગના રિપોર્ટ મુજબ બુધવારે શહેરનું મહત્તમ તાપમાન 40.6 અને લઘુત્તમ તાપમાન 29.8 ડીગ્રી નોંધાયું હતું. જ્યારે, સવારે હવામાં ભેજનું પ્રમાણ 64 ટકા અને સાંજે 32 ટકા નોંધાયું હતું. જ્યારે, ગુરુવારે 28 મેના રોજ વડોદરામાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી આસપાસ રહેશે. બે દિવસ માટે વિભાગે ગરમ અને ભેજવાળું યેલો એલર્ટ જાહેર કર્યું છે. સવારે ભેજનું પ્રમાણ 80%થી 85% સુધી રહેતા લોકોને અસહ્ય બફારાનો સામનો કરવો પડશે. બીજી તરફ રાજ્યમાં કાળઝાળ ગરમીના માહોલ વચ્ચે હવામાન વિભાગે માવઠાની આગાહી કરી છે. રાજ્યમાં ગરમીનો પારે 40 ડિગ્રીને પાર છે, ત્યારે આગામી 30 મેથી 2 જૂન સુધી ઉત્તર ગુજરાત સહિતના જિલ્લાઓમાં કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. આ સાથે 40-50 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગ મુજબ, આગામી 30 મેના રોજ કચ્છ, બનાસકાંઠા,સાબરકાંઠા, મહીસાગર અને પાટણ, જ્યારે 31 મેના દિવસે કચ્છ, બનાસકાંઠા, પાટણ, અરવલ્લી, સાબરકાંઠા, દાહોદ, છોટા ઉદેપુર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી છે. જ્યારે આગામી 2 જૂનના દિવસે અમરેલી, ભાવનગર, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ જિલ્લામાં ગાજવીજ વરસાદ અને 40-50 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની આગાહી છે.

### વડોદરાના પશ્ચિમ વિસ્તારના નાગરિકો ચોમાસામાં જળબંબાકારથી પરેશાન છે

# પાલિકા દ્વારા રૂ. 3.59 કરોડના ખર્ચે નવી વરસાદી ડ્રેનેજ લાઈન નાંખવાનું સુનિયોજિત આયોજન

**કામગીરી** હાલમાં 80 ટકા જેટલી પૂર્ણ પણ થઈ ચૂકી છે

(પ્રતિનિધિ), વડોદરા. તા.27
વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વોર્ડ નં-11 ના નાગરિકો માટે આગામી ચોમાસું રાહતજનક સાબિત થવા જઈ રહ્યું છે. દર વર્ષે ચોમાસા દરમિયાન ભરાતા વરસાદી પાણીની હાલાકીમાંથી સ્થાનિક રહીશોને કાયમી ધોરણે ઉગારવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક મહત્વપૂર્ણ અને મોટો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. શહેરના વડ ગાર્ડનથી લઈને પ્રમુખ કિર્તન પાર્ક સોસાયટી સુધીનો વિસ્તાર નીચાણવાળો હોવાને કારણે દર વર્ષે ચોમાસામાં અહીં ભારે



જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. આ ગંભીર સમસ્યાના કાયમી નિવારણ માટે પાલિકા દ્વારા રૂ. 3.59 કરોડના ખર્ચે નવી વરસાદી ડ્રેનેજ લાઈન નાંખવાનું સુનિયોજિત આયોજન કરવામાં આવ્યું છે. અત્યાધુનિક પદ્ધતિથી થઈ રહેલી આ કામગીરી હાલમાં 80 ટકા જેટલી પૂર્ણ પણ થઈ ચૂકી છે, જેથી આગામી ચોમાસામાં જ સ્થાનિકોને તેની મોટી રાહત જોવા મળશે. વરસાદી પાણીના નિકાલની આ વ્યવસ્થાને સદ્રઢ અને સક્ષમ બનાવવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા વ્યાપક સ્તરે પાઈપલાઈન નેટવર્ક બિછાવવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટની વિગતો નીચે મુજબ છે. કુલ લંબાઈ :- આ પ્રોજેક્ટ અંતર્ગત કુલ 2320 મીટર લાંબી વરસાદી પાઈપલાઈન નાંખવામાં આવી રહી છે. 600 મી.મી. ડાયાની પાઈપ :- આ વ્યાસ ધરાવતી કુલ 920 મીટર લંબાઈની પાઈપલાઈન કનેક્ટ કરવામાં આવી છે. 900 મી.મી. ડાયાની પાઈપ :- પાણીના મોટા જથ્થાના નિકાલ માટે 900 મી.મી. વ્યાસ ધરાવતી 1400 મીટર લાંબી આધુનિક પાઈપો નાંખવામાં આવી છે. આ નવી લાઈન સીધી કનેક્ટિવિટી આપતી હોવાને કારણે વરસાદ ગમે તેટલો ભારે હોય તો પણ પાણીનો નિકાલ અત્યંત ઝડપથી થઈ જશે.

### વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરીટી શાખાની ઝુંબેશ

# પૂર્વ, પશ્ચિમ અને મધ્ય વિસ્તારના મુખ્ય માર્ગો પર એક વ્યાપક દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી

રસ્તાઓ રોકીને બેઠેલા દબાણકર્તાઓ સામે કડક કાર્યવાહી કરતા અન્ય દબાણકારોમાં ફફડાટ વ્યાપ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.27
વડોદરા શહેરમાં સતત વધી રહેલી ટ્રાફિકની સમસ્યા અને ફૂટપાથો પર થતા ગેરકાયદે દબાણોને ડામી દેવા માટે વડોદરા મહાનગરપાલિકા એક્શન મોડમાં આવી ગઈ છે. આજે વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરીટી શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આકસ્મિક દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેમાં રસ્તાઓ રોકીને બેઠેલા દબાણકર્તાઓ સામે કડક કાર્યવાહી કરી દબાણો દૂર કરવામાં આવ્યા હતા.
મહાનગરપાલિકાની જુદી-




જુદી વોર્ડ ઓફિસની ટીમોને સાથે રાખીને આજે સવારથી જ શહેરના રાજમાર્ગો અને મુખ્ય સર્કલો પરથી દબાણો હટાવવાની કામગીરી શરૂ કરાઈ હતી.

**મધ્ય વડોદરામાં સપાટો :-** વોર્ડ નં. 14 ની ટીમને સાથે રાખીને ગાંધીનગર ગૃહથી શરૂ કરીને પદ્માવતી શોપિંગ સેન્ટર, માંડવી અને ચાર દરવાજા સુધીના તમામ મુખ્ય રસ્તાઓ પરથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા અને ત્યાંથી ગેરકાયદેસર સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

**ફૂટપાથો કરાઈ ખાલી :** પેવિલિયન સર્કલ પાસે આવેલી બેંક ઓફ બરોડાની બાજુમાં ફૂટપાથ તેમજ મુખ્ય રોડ પર નડતરરૂપ બનતા લારી-ગલ્લાના કાઉન્ટરોના દબાણો તાત્કાલિક અસરથી હટાવી દેવાયા હતા.

**ટ્રાફિકને નડતરરૂપ દબાણો દૂર :-** ખોડિયાર નગર પાસે આવેલા ખાટું શ્યામ મંદિર નજીકથી ટ્રાફિકની અવરજવરમાં ભારે અડચણ ઉભી કરતા તમામ દબાણોને હટાવીને રસ્તો ખુલ્લો કરાયો હતો.

**મુખ્ય વિસ્તારોમાં કાર્યવાહી :** આ ઉપરાંત કમાટીબાગ ગેટ નં. 2 પાસે, ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસેથી અરવિંદ બાગ આસપાસના વિસ્તારમાં અને કારેલીબાગ BSNL ઓફિસ પાસેથી પણ તંત્ર દ્વારા સઘન કામગીરી કરીને દબાણો દૂર કરાયા હતા.

## સસ્તુ સોનુ અને રૂ. 10 કરોડની લોનના નામે કરોડોની ઠગાઈ કરનાર 3 આરોપીના જામીન રદ

વડોદરા : ગત માર્ચ 2025થી અત્યાર સુધીના સમયગાળા દરમિયાન વડોદરાના સીગ્નેટ હબ અને ગેંડા સર્કલ નજીક આવેલી રાધે એન્ટરપ્રાઈઝ ઈમ્પોર્ટ એક્સપોર્ટ એન્ડ ફાયનાન્સ ઓફિસમાં આરોપી રાજવીર, તેના ભાગીદારો વિશાલ બારડ અને નયનાબેન મહીડાએ તેમની સાથે સંપર્ક સાધ્યો હતો. આરોપીઓએ ઓછી કિંમતે સોનુ અપાવવાની લાલચ આપી તેમજ રૂ.10 કરોડની લોન અપાવવા માટે બેંક મેનેજરને કમિશન આપવાનું કહી મોટી રકમ એડવાન્સ તરીકે મેળવી લીધી હતી. રાજવીરે સસ્તુ સોનુ અપાવવાના બહાને રૂ.4.61 કરોડ મેળવ્યા હતા, એટલું જ નહીં, વેપારીને ડરાવવા માટે બનાવટી પોલીસ ઉભી કરવામાં આવી હોવાનો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો હતો. અત્યારે આ ઠગાઈના ગુનામાં પોલીસે ઘણા આરોપીઓને જેલ ભેગા કર્યા છે તે પૈકીના જગદીશ પરમાર, અલ્કેશ ચીખલે વિરલ અરવિંદ સાપરિયાએ જેલમાંથી જામીન પર મુક્ત થવા માટે રેગ્યુલર જામીન અરજી કરી હતી. જો કે કોર્ટે ગુનાની ગંભીરતા ને ધ્યાનમાં રાખીને બંનેની જામીન અરજી ફગાવી દીધી છે.


Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.
CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, ઓફિસ નં. 214, બીજો માળ, શ્રી રાજશ્રી સેન્ટર, કાળાઘોડા સર્કલ, બરોડા - 390005

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)ની શરત જુઓ]
**પ્રાઇવેટ ટ્રીટી સહ વેચાણ માટેની જાહેર નોટિસ**

સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8(6) ની શરત હેઠળ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ સુરક્ષિત અસ્કયામત (મિલકત)નો કબજો લીધા અનુસંધાને લોન લેનાર/ઓ પાસેથી બાકી નીકળતી રકમની વસૂલાત માટે નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ સ્થાવર મિલકત ખરીદવા માટે સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે મિલકત "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે કંઈ પણ છે"ના ધોરણે કંપનીના કબજામાં છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

| ક્રમ નં. | લોન લેનાર (ઓ) / સહ-લોન લેનાર (ઓ) / જામીનદાર (ઓ) / લોન ખાતા નં. / શાખા | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત | બાનાની રકમ (EMD) (અનામત કિંમતના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | રવિ જયેન્દ્રભાઈ પંચાલ / જાનવીબેન રવિભાઈ પંચાલ / 021-02100119 / બરોડા | 18-ઓગસ્ટ-2023 રૂ. 14,84,851/-(રૂપિયા ચૌદ લાખ ચોર્યાસી હજાર આઠસો એકાવન પૂરા) | ટાવર નં. C, મુખ્યમંત્રી ગૃહ યોજના, સિગ્નસ વર્લ્ડ સ્કૂલ પાસે, શ્રી પંચમુખી હનુમાન મંદિરની સામે, વડોદરા, ગુજરાત - 390022 | રૂ. 4,00,000/- (રૂપિયા ચાર લાખ પૂરા) | રૂ. 40,000/- (રૂપિયા ચાલીસ હજાર પૂરા) |

1. હરાજી "જ્યાં છે ત્યાં" અને "જેમ છે તેમ"ના ધોરણે યોજવામાં આવી રહી છે.
2. હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સામેલ છે, જે ઉપર જણાવેલ પ્રાદેશિક ઓફિસ ખાતે ઉપલબ્ધ છે.
3. નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ, 'Muthoot Homefin (India) Ltd'ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD અને KYC દસ્તાવેજો સાથે, 16-જૂન-2026ના રોજ બપોરે 04:00 વાગ્યા સુધી ઉપર જણાવેલ પ્રાદેશિક ઓફિસના સરનામે રહેશે. જે ટેન્ડરો સંપૂર્ણ રીતે ભરેલા નહીં હોય અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થશે તેને અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ નકારી કાઢવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતની નિરીક્ષણ કરવાની તારીખ 15-જૂન-2026ના રોજ બપોરે 01:00 વાગ્યાથી બપોરે 03:00 વાગ્યાની વચ્ચે રહેશે.
5. મિલકત માટે બિડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ) 17-જૂન-2026ના રોજ બપોરે 01:00 વાગ્યે અધિકૃત અધિકારી દ્વારા ઉપર જણાવેલ શાખા ઓફિસના સરનામે રાખવામાં આવેલ છે.
6. MHIL કોઈપણ બાકી વૈધાનિક નોટિસ અને બોજા/ટેક્સ બાકી વગેરે (જો કોઈ હોય તો)ની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં અને આ રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઈચ્છુક બિડરે મિલકતના બોજા અને ટાઈટલ અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ તેમજ પોતાની જાતે નિરીક્ષણ કરીને સંતોષ મેળવી લેવો જોઈએ.
7. સૌથી વધુ બિડ કરનારની પસંદગી MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી પાસે કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલી તમામ અથવા કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અથવા નકારવાનો અધિકાર અનામત રહેશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. લોન લેનાર(ઓ)/જામીનદાર(ઓ)ને આથી સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે, તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપર દર્શાવેલ રકમ ચૂકવી દે, અન્યથા સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી રકમ (જો કોઈ હોય તો) વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો લોન લેનાર વેચાણની તારીખ પહેલાં મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને પૂરેપૂરી લેણી રકમ ચૂકવી દે છે, તો હરાજી રદ થવા પાત્ર રહેશે.

વધુ વિગતો માટે, ઉપર જણાવેલ ઓફિસના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિઃ અમર પાટીલ - 9737057744
તારીખઃ 28 મે, 2026
સ્થળઃ વડોદરા
સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ


### વિદેશી ચોકલેટ, જ્યુસ અને સોસ સહિત 31 ઈમ્પોર્ટેડ આઈટમોના સેમ્પલ લેવાયા

# વડોદરામાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ અને ખાદ્ય એકમો પર ફૂડ વિભાગના આકસ્મિક દરોડા

(પ્રતિનિધિ), વડોદરા. તા.27
વડોદરા શહેરીજનોના આરોગ્ય સાથે ચેડાં કરનારા તત્વો સામે વડોદરા મહાનગરપાલિકાના ફૂડ વિભાગે લાલ આંખ કરી છે. મ્યુનિસિપલ કમિશનરની કડક સૂચના અને ડેઝીગ્નેટેડ ઓફિસર તથા અધિક આરોગ્ય અમલદારના સીધા માર્ગદર્શન હેઠળ, સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસરો અને ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમ દ્વારા વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં કાર્યરત ખાદ્યપદાર્થોના યુનિટો, ખાસ કરીને ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ અને અન્ય વ્યાપારી જગ્યાઓ પર એકાએક સર્પ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કડક કાર્યવાહીથી ખાદ્યપદાર્થોના વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા વડોદરાના પોશ અને મુખ્ય એવા માંજલપુર, ગોત્રી-સેવાસી રોડ, રાવપુરા, સમા-સાવલી રોડ, ઓલ્ડ પાદરા રોડ અને



વાઘોડિયા રોડ વિસ્તારમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ વિસ્તારોમાં આવેલા કુલ 07 ખાદ્યપદાર્થોના મોટા યુનિટો પર ફૂડ સેફ્ટી ઓફિસરો ત્રાટક્યા હતા, જેમાં 05 રીટેલર અને 02 રીટેલર-હોલસેલર એકમોનો સમાવેશ થાય છે. આ આકસ્મિક ચેકિંગ દરમિયાન, મોલ અને ઈ-કોમર્સ સાઈટ્સ પર વેચાતી પ્રખ્યાત અને મોંઘીદાટ ઈમ્પોર્ટેડ ખાદ્યસામગ્રીઓ મુખ્ય ટાર્ગેટ પર રહી હતી. ફૂડ વિભાગે અલગ-અલગ બ્રાન્ડની વિદેશી ચોકલેટ્સ, એનર્જી ડ્રિંક્સ અને સોસ સહિત કુલ 31 જેટલા શંકાસ્પદ નમૂનાઓ લીધા છે. જેમાં તંત્ર દ્વારા લેવામાં આવેલા આ તમામ નમૂનાઓમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (લેબલીંગ એન્ડ ડીસ્પ્લે) રેગ્યુલેશન 2020 ની જોગવાઈઓનું પાલન થાય છે કે નહીં તેની ખૂબ જ બારીકાઈથી ચકાસણી કરવામાં આવી રહી છે. ખાસ કરીને આયાતી સામાન પર ગ્રાહકોની સુરક્ષા માટે જરૂરી વિગતો જેવી કે, પ્રોડક્ટ કોણે ઈમ્પોર્ટ કરી તેની વિગત, FSSAI નો લાયસન્સ નંબર, લોટ નંબર અને બેચ નંબર, મેન્યુફેક્ચરિંગ અને એક્સપાયરી તારીખ, શાકાહારી કે માંસાહારી હોવાનો લોગો, ન્યુટ્રિશનલ વેલ્યુ. આ તમામ માપદંડોની ચકાસણી કરવામાં આવી છે. જો લેબોરેટરી ટેસ્ટિંગમાં કે લેબલિંગ નિયમોમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ કે ભેળસેળ સામે આવશે, તો વડોદરા મહાનગરપાલિકા દ્વારા સંબંધિત ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને વિક્રેતાઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ ફૂડ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.


DGVCL
**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
Sachin Division
Plot No. 325, Road No. 3, GIDC Sachin, Near Palival Chokdi, Sachin-394230
DGVCL Toll Free No.: 19123 (or 1800 233 3003)

**Tender**
Tenders are invited for ARC work of laying testing & commissioning of 11/22 KV UG XLPE cable with 11/22 KV cable end termination & ST joint Kits (to be supplied by Agency); Annual Maintenance contract for Execution of emergency Civil work; providing & laying of PCC /PAVER BLOCK/ Raising of plinth for T/C, FRP fencing around distribution Transformer at various location; Loading/ Unloading & stacking of material under Sachin Division. Vendors may visit https://tender.nprocure.com for view, download and online submission of the tenders.
EE (O&M), Sachin Division, DGVCL.
Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents



**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**ટેન્ડર નોટીસ**
વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૭/૨૬-૨૭ | પશ્ચિમ ઝોન | ૦૧ | ૨૧,૬૬,૨૭૯/- |
| ૨ | ૧૦૮/૨૬-૨૭ | પાણી પુરવઠા શાખા | ૦૧ | ૨,૪૧,૧૫૯/- |
| ૩ | ૧૦૯/૨૬-૨૭ | સયાજીબાગ ઝુ | ૦૧ | ૨,૬૮,૯૨૦/- |
| ૪ | ૧૧૦/૨૬-૨૭ | સયાજીબાગ ઝુ | ૦૧ | ૫૫,૦૦,૦૦૦/- |
| ૫ | ૧૧૩/૨૬-૨૭ | સેન્ટ્રલ વર્કશોપ શાખા | ૧૫ | ૬,૩૮,૩૪૫/- |
| ૬ | ૧૧૪/૨૬-૨૭ | પાણી પુરવઠા શાખા | ૦૨ | ૧,૪૦,૦૦,૦૦૦/- |
| ૭ | ૧૧૫/૨૬-૨૭ | સ્ટ્રીટ લાઇટ વિભાગ | ૦૩ | ૧૦,૯૦,૪૦,૨૨૨/- |
| ૮ | ૧૧૬/૨૬-૨૭ | પાર્ક્સ એન્ડ ગાર્ડન | ૦૨ | ૯૮,૫૩૦/- |

નોંધ: અ.નં.૧,૪, ૬ અને ૭ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.
ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
પી.આર.ઓ.નં.૧૧૭/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત



HDFC BANK We understand your world
**એચડીએફસી બેંક લિમિટેડ**
**શાખા :** ચોથો માળ, સી વિંગ, શીતલ વેસ્ટપાર્ક ઇમ્પેરિયા, આલ્ફા વન મોલ ઉપરાંત, વસ્ત્રાપુર તળાવ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૫૨
**ડિમાન્ડ નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ સુરક્ષા હિત (અમલબજવણી) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાતી
જ્યારે નીચે સહી કરાયેલ એચડીએફસી બેંક લિમિટેડના અધિકૃત અધિકારી (અગાઉની એચડીએફસી લિમિટેડ, જેણે માનનીય એનસીએલટી-મુંબઈ દ્વારા ૧૭ માર્ચ, ૨૦૨૩ ના રોજના આદેશ દ્વારા મંજૂર કરાયેલ જોડાણની યોજનાને કારણે એચડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાણ કર્યું હતું) (એચડીએફસી) સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, સુરક્ષા હિત (અમલબજવણી) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવે છે, જેમાં ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે, જેમાં ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો / કાનૂની પ્રતિનિધિઓ (ઓ) ને અહીં સૂચિબદ્ધ કરવામાં આવી છે, જે સંબંધિત માંગ નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે, નીચે આપેલી વિગતો મુજબ, સંબંધિત નોટિસ/ની તારીખથી 60 દિવસની અંદર. નીચે સહી કરાયેલા લોકોએ, આ નોટિસોને ઉક્ત ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદાર (ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ના છેલ્લા જાણીતા સંબંધિત સરનામાંના પરિસરમાં ચોંટાડવામાં આવી છે. ઉપરોક્ત નોટિસની નકલો ઓછી સહી કરાયેલી વ્યક્તિ પાસે ઉપલબ્ધ છે, અને ઉક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિઓ, જો તેઓ ઇચ્છે તો, ઓફિસના સામાન્ય કલાકો દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે અન્ડરસહી કરેલી પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરી શકે છે.
ઉપરોક્ત સંબંધે, ઉપરોક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિઓ(ઓ) ને એચડીએફસીને ચુકવણી કરવા માટે આ નોટિસના પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર, નીચે જણાવેલ તારીખોમાંથી ઉપરોક્ત ડિમાન્ડ નોટિસમાં ઉલ્લેખિત વિગતો અનુસાર, વધુ વ્યાજ સાથે, કોલમ (સી) માં નીચે જણાવેલી તારીખોથી ચુકવણીની તારીખ અને / અથવા પ્રાપ્તિની તારીખ સુધી, વધુ વ્યાજ સાથે, એચડીએફસીને ચૂકવણી કરવા માટે નોટિસ આપવામાં આવે છે, લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લખાણો, જો કોઈ હોય તો, ઉક્ત ઋણલેનાર (ઓ) દ્વારા અમલમાં મૂકવામાં આવ્યા છે તેની સાથે વાંચો. લોનની યોગ્ય પુનઃચુકવણી માટેની જામીનગીરી તરીકે, નીચેની સિક્યોર્ડ એસેટ્સ(ઓ)ને ઉપરોક્ત ઋણલેનાર (ઓ) દ્વારા અનુક્રમે એચડીએફસી પાસે ગીરવે મૂકવામાં આવી છે.
ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ) / કાનૂની પ્રતિનિધિ(ઓ) સુરક્ષિત અસ્કયામત/ઓ રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

| ક્રમ ન. | ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ | કુલ બાકી લેણાં | ડિમાન્ડ નોટિસ તારીખ | સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન |
|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઈ |
| 1 | શ્રી પરમાર રણદીપ જોસેફ (ઋણલેનાર) | ૩૧.૦૩.૨૦૨૬ ના રોજ રૂ. ૧૪,૩૮,૧૫૨/- બાકી | ૦૪.૦૫.૨૦૨૬ | ફ્લેટ-એફ/૫૦૩, પાંચમો માળ, લિલેરિયા એપાર્ટમેન્ટ, ટાવર એફ, એસ નં. ૩૬૪/૧, સમા-સાવલી રોડ, લિલેરિયા પાર્ટી પ્લોટની બાજુમાં, મેક ડોનાલ્ડ્સ પાસે, સમા, વડોદરા: ૩૯૦૦૦૨ |

*લાગુ પડતું હોય તે રીતે વધુ વ્યાજ, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જીસ વગેરે સાથે ચૂકવણીની તારીખ અને/અથવા પ્રાપ્તિની તારીખ સુધી કરવામાં આવે છે.
જો ઉપરોક્ત ઋણલેનારઓ ઉપરોક્ત મુજબ એચડીએફસીને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો એચડીએફસી ઉપરોક્ત કાયદાની કલમ 13 (4) હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ્સ(ઓ) / સ્થાવર મિલકત (ઓ) અને લાગુ પડતા નિયમો સામે ખર્ચ અને પરિણામો અંગે ઉપરોક્ત ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદાર (ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ના જોખમે સંપૂર્ણપણે લાગુ નિયમો સામે કાર્યવાહી કરશે.
ઉપરોક્ત ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ઉપરોક્ત કાયદા હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ (ઓ) / સ્થાવર મિલકત (ઓ) ને સ્થાનાંતરિત કરવા માટે પ્રતિબંધિત છે, પછી ભલે તે એચડીએફસીની આગોતરી લેખિત સંમતિ વિના વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા હોય. કોઈ પણ વ્યક્તિ કે જે તે હેઠળ કરવામાં આવેલા કાયદા અથવા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા તેને ઉત્તેજન આપે છે, તો તે અધિનિયમ હેઠળ જોગવાઈ કર્યા મુજબ કારાવાસ અને/ અથવા દંડને પાત્ર થશે.
તારીખ : ૨૭.૦૫.૨૦૨૬
સ્થળ : વડોદરા
એચડીએફસી બેંક લિ. સહી/- અધિકૃત અધિકારી
રજિસ્ટર્ડ ઓફિસ: એચડીએફસી બેંક લિમિટેડ, એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૩. CIN: L65920MH1994PLC080618 વેબસાઇટ: www.hdfcbank.com